Gujarati / ગુજરાતી

# SIMs (સિમ્સ) અને Apps (એપ્સ) પર માર્ગદર્શન

## એક એપ્પ (App) ડાઉનલોડ કરી રહ્યા છીએ

તમારી NHS એપ્પ કે એપ્લિકેશન સેટીંગ અપ કે ગોઠવણી કરવી



Luton Family Hubs

Family HUBS

Milton Keynes City Council

NHS Bedfordshire Hospitals NHS Foundation Trust

NHS Milton Keynes University Hospital NHS Foundation Trust

# SIMs (સિમ્સ) અને Apps (એપ્સ) પર માર્ગદર્શન

# સિમ (SIM) કાર્ડસ પર માર્ગદર્શન

## સિમ (SIM) કાર્ડસ બદલવું



1. ફોન બંધ કરો
    a. એનડ્રોઈડ (Android): ફોનની ટોચ કે ઉપલા ભાગમાં અથવા બાજુમાં પાવર બટનને દબાવી અને પકડી રાખો પછી સ્ક્રીન પર "પાવર ઓફ" દબાવો.
    b. આઈફોન (iPhone): પાવર સ્લાઈડ દેખાય ત્યાં સુધી મોડેલ પરના આધારે, ફોનની બાજુમાં અથવા ટોચ કે ઉપલા ભાગમાં પાવર બટનને દબાવી અને પકડી રાખો. પછી તેને બંધ કરવા માટે દબાવો અને ખેંચો કે ઘસેડો.

2. સિમ (SIM) કાર્ડ ટ્રે શોધો કે જે ફોનની ધાર પર હશે. તે નાનું પોલું મીંડું કે બિંદુ સાથે પાતળી પેનલ હશે.

3. પૂરા પાડવામાં આવેલ કાઢી નાખવાના સાધન અથવા પેપરક્લિપના ઉપયોગ દ્વારા સિમ (SIM) ટ્રેને દૂર કરો અને જયાં સુધી ટ્રે બહાર આવે ત્યાં સુધી સિમ (SIM) ટ્રેના છિદ્ર કે કાણાંમાં મૂકો.



4. હળવેથી સિમ (SIM) કાર્ડને બહાર કાઢો અથવા ટ્રેને નરમ વસ્તુ પર ફેરવો.

5. તમારું નવું સિમ (SIM) કાર્ડ ટ્રેમાં મૂકો. સિમ (SIM) કાર્ડ ફક્ત એકતરફી ફિટ થશે અને કોઈ પણ બળ કે જોરની જરૂર રહેશે નહિ. સિમ (SIM) કાર્ડને સ્થિત કરવા મદદ માટે ટ્રે પર એક ખૂણાવાળી ધાર છે.

6. જયાં સુધી તે જગ્યાએ ક્લિક ન થાય અને ફોન કેસ સાથે બહાર ધસી ન આવે ત્યાં સુધી ટ્રેને ફોનમાં પાછી દાખલ કરો.



7. ફોનને બંધ કરવા માટે ઉપયોગમાં લેવાયેલા એકજ સરખા બટનનો ઉપયોગ કરી તમારા ફોનનો પાવર ચાલુ કરો.

**વધારે માર્ગદર્શન સંબંધિત સ્થાનો કે સાઈટસ પર મળી શકે છે:**

તમને જરૂરી માહિતી માટે QR કોડ્સને સ્કેન કરો. તમારા મોબાઈલ ફોનના કેમેરાને નીચેના કોડ્સ પર પકડી રાખો. કેમેરા પર એક જ સમયે એક કોડ ઉપાડી કે લઈ શકાય છે. લિંક પર ક્લિક કરો કે જે તમને વેબસાઈટના પાના પર લઈ જતી દેખાય છે.

| સેમસંગ (Samsung) માટે માર્ગદર્શન | એનડ્રોઈડ (Android) માટે માર્ગદર્શન | એપલ આઈફોન (Apple iPhone) માટે માર્ગદર્શન |
| --- | --- | --- |

સ્રોત: https://www.wikihow.com/Switch-SIM-Cards

## તમારા નવા સિમ (SIM) કાર્ડને ટોપ અપ કે વધારો કરો

### O2 સિમ (O2 SIM) કાર્ડ્સ

તમને દર મહિને એક કોડ મળશે કે જે 25GB ના ડેટા અને મફત કોલ્સ અને ટેક્સ્ટ પૂરા પાડશે. તમને આ કોડ્સ એક વર્ષ માટે મળશે.

1. 4444 ડાયલ કરો.
2. તમારા ફોનને ટોપ અપ કરવા માટે વિકલ્પ 1 પસંદ કરો.
3. વાઉચર સાથે ટોપ અપ કરવા માટે વિકલ્પ 2 પસંદ કરો અને જાહેરાત સમાપ્ત થાય માટે રાહ જુઓ.
4. 16-અંકનો કોડ દાખલ કરો કે જે ટેક્સ્ટ સંદેશા દ્વારા મોકલવામાં આવ્યો હતો.
5. એક વાર તમે પુષ્ટિ સાંભળો કે તે ટોપ અપ થઈ ગયુ છે તમે ફોન મૂકી શકો છો.
6. તમને પુષ્ટિ કરતો ટેક્સ્ટ મળશે કે તમારું ટોપ અપ સફળ હતું.

### વોડાફોન સિમ (Vodafone SIM) કાર્ડ્સ

તમને તમારા સિમ (SIM) કાર્ડને ટોપ અપ કરવાની જરૂર રહેશે નહિ અને 6 મહિના માટે દર મહિને 40GB ના ડેટા, મફત કોલ્સ અને ટેક્સ્ટ મળશે.

### સિમ (SIM) કાડ્ર્સ

તમને તમારા સિમ (SIM) કાર્ડને ટોપ અપ કરવાની જરૂર રહેશે નહિ અને ઉપયોગ કરવા માટે 24GB ના ડેટા હશે.

## તમારો ફોન નંબર રાખવો

તમારો હાલનો મોબાઈલ ફોન નંબર રાખવો તે શકય છે. જો તમે આ કરવા માંગતા હો તો, તમારે તમારા **PAC** કોડની વિનંતી કરવા માટે તમારી મોબાઇલ કંપનીને કોલ કરવાની જરૂર રહેશે. જયારે તમારી પાસે તમારો PAC કોડ હોય ત્યારે તમારી સિમ (SIM) કાર્ડ કંપનીને કોલ કરવા માટે નીચેના નંબરોનો ઉપયોગ કરો. તેઓને જણાવો કે તમે તમારા જૂના મોબાઈલ નંબરને તમારા નવા સિમ (SIM) કાર્ડ પર ટ્રેન્સફર કરવા માંગો છો.

તમારા મોબાઈલ ફોનમાંથી **O2** સિમ (SIM) કાર્ડ અંદર સાથે O2 માટે 4445 પર કોલ કરો; કોઈ પણ બીજા ફોનમાંથી 0344 8090222 પર કોલ કરો.

તમારા મોબાઈલ ફોનમાંથી થ્રી સિમ (SIM) કાર્ડ અંદર સાથે થ્રી (**Three**) કોલ માટે 500 પર કોલ કરો; કોઈ પણ બીજા ફોનમાંથી 0333 338 1001 પર કોલ કરો.

તમારા મોબાઈલ ફોનમાંથી વોડાફોન (**Vodafone**) સિમ (SIM) કાર્ડ અંદર સાથે વોડાફોન (Vodafone) માટે 191 પર કોલ કરો; કોઈ પણ બીજા ફોનમાંથી 0333 304 0191 પર કોલ કરો.

# એક એપ્પ (App) ડાઉનલોડ કરી રહ્યા છીએ

એપ્પસ અથવા એપ્લિકેશન્સ એ નાના પ્રોગ્રામ્સ કે જે તમારા મોબાઈલ સાધનો કે ઉપકરણો પર ચલાવવા માટે રચાયેલ હોય છે. તેઓ તમને NHS એપ્લિકેશન પર તમારા પરીક્ષણના પરિણામોને એકસેસ કે પ્રવેશ જેવા ચોક્કસ કાર્યો કરવા માટે પરવાનગી આપશે. એપ્લિકેશન ઈનસ્ટોલ કે સ્થાપન કરવા માટે કૃપા કરી સૂચનાઓ જુઓ.


કૃપા કરી વાકેફ રહેશો કે એપ્લિકેશન ડાઉનલોડ કરવાથી તમારા મોબાઈલ ડેટાનો ઉપયોગ થઇ શકે. તમારા મોબાઈલ ડેટાને સાચવવા માટે સાર્વજનિક વાઈ-ફાઈનો (Wi-Fi) ઉપયોગ કરવાનું તમે પસંદ કરી શકો.


## એન્ડ્રોઈડ (Android)

1. આઈકોન કે ચિહ્ન પર ટેપ કરીને 'પ્લે સ્ટોર' એપ્પ શોધો અને ખોલો.




2. બૃહદર્શક કે મોટુ કરવાના કાચની બાજુમાં શોધ બટન અથવા બાર પર ટેપ કરો.




3. તમને જોઈતી એપ્લિકેશન માટે શોધો. વાકેફ રહેશો કે કેટલીક એપ્લિકેશન્સને ડાઉનલોડ કરવા માટે ચૂકવણીની જરૂર રહે અથવા "ઈન-એપ્પ" કે એપ્લિકેશનમાં ખરીદીઓ હોય કે જે વૈકલ્પિક વધારાની હોય છે કે જેની ચૂકવણીની જરૂર પડશે.
4. ઈનસ્ટોલ (મફત એપ્લિકેશન માટે) અથવા એપ્લિકેશનની કિંમત (ચૂકવેલ એપ્લિકેશન માટે) પર ટેપ કરો.
5. ઈનસ્ટોલ કર્યા પછી એપ્પ તમારા ડિવાઈસ કે સાધન પર ઉપલબ્ધ થશે.

## આઈફોન (iPhone)

1. આઈકોન કે ચિહ્ન પર ટેપ કરીને "એપ્પ સ્ટોર" શોધો અને ખોલો.




2. બૃહદર્શક કાચ કે મેગ્નિફાઈંગ ગ્લાસ પર ક્લિક કરો.




3. તમને જોઈતી એપ્લિકેશન માટે શોધો. વાકેફ રહેશો કે કેટલીક એપ્લિકેશન્સને ડાઉનલોડ કરવા માટે ચૂકવણીની જરૂર રહે અથવા 'ઈન-એપ્પ' કે એપ્લિકેશનમાં ખરીદીઓ હોય કે જે વૈકલ્પિક વધારાની હોય છે કે જેની ચૂકવણીની જરૂર પડશે.
4. એપ્લિકેશનની કિંમત અથવા મેળવવા ટેપ કરો.
5. ઈનસ્ટોલ કર્યા પછી એપ્પ તમારા ડિવાઈસ કે સાધન પર ઉપલબ્ધ થશે.

## ભલામણ કરેલ એપ્લિકેશન્સ કે એપ્પસ

જમણી બાજુ પર QR કોડસ (ત્રણ ખૂણામાં ચોરસ સાથે કાળી અને સફેદ છબીઓ) "સ્કેન" કરવા માટે તમારા મોબાઈલ ફોનના કેમેરાનો ઉપયોગ કરો. જયારે તમારો ફોન QR કોડ રજિસ્ટર્સ કરે ત્યારે તમને વેબસાઈટ પર લઈ જવા ટેપ કરવા માટે સ્ક્રીન પર એક લિંક દેખાશે.

- **NHS App** – એક મફત એપ્પ કે જે તમને તમારા આરોગ્ય સંભાળ રિકોર્ડ એકસેસ કરવા, એપોઈન્ટમેન્ટોનો અને પ્રિસ્ક્રિપશનોનું સંચાલન કરવા, અને સંદેશાઓ અને સૂચનાઓ મેળવવાની મંજૂરી આપે છે.

- **British Red Cross App** – એક મફત એપ્પ કે જે બાળક અને શિશુની પ્રાથમિક સારવારની સલાહ પૂરી પાડે જે માતાપિતા, દાદા-દાદી, અને સંભાળ રાખનારાઓના ટેકા માટે રચાયેલ છે.

# તમારી NHS એપ્પ કે એપ્લિકેશન સેટીંગ અપ કે ગોઠવણી કરવી

## ભાષાઓ

NHS એપ્પ (App) ફકત અંગ્રેજીમાં મળી રહે છે. જો તમને એપ્લિકેશનના ભાષાંતરની જરૂર હોય તો તમારે ઓનલાઈન આવૃતિ કે સંસ્કરણનો ઉપયોગ કરવાની જરૂર રહેશે. આ કરવા માટે તમારું વેબ બ્રાઉઝર ખોલો

આઈફોન (iPhone) પર આ સફારી (Safari) હશે

એન્ડ્રોઈડ (Android) પર આ ક્રોમ (chrome) હશે

તમારે ટાઈપ કરવાની જરૂર રહેશે https://www.nhsapp.service.nhs.uk/login

ત્રણ ઊભા બટનો પર ક્લિક કરો અને/અથવા ટ્રાન્સલેટ આઈકોન કે ચિહ્ન માટે શોધો.

તમે કઈ ભાષામાં આ અનુવાદ કરવા ઈચ્છો છો તે પસંદ કરો

## NHS લોગઈન નિર્માણ કરી રહ્યા છો

NHS એપ્પ અથવા વેબસાઇટને એકસેસ કે પ્રવેશ કરવા માટે તમને NHS લોગઈન નિર્માણ કે બનાવવાની જરૂર રહેશે, જેમાં જરૂર છે:

- તમારું ઈમેઈલ સરનામું
- તમારો મોબાઈલ અથવા લેન્ડલાઈન નંબર.

કેટલીક સેવાઓ એકસેસ કરવા માટે, તમને જરૂર પણ પડી શકે તમારા:

- NHS નંબર અથવા પૂરેપૂરું નામ
- જન્મની તારીખ
- પોસ્ટકોડ
- ઓળખનો પુરાવો (પાસપોર્ટ, ડ્રાઇવિંગ લાઇસન્સ, અથવા EU રાષ્ટ્રીય ઓળખ કાર્ડ). જો તમારી પાસે કાયદેસર કે માન્ય ફોટો ID ન હોય તો તમે સંપૂર્ણ પ્રવેશ મેળવવા માટે તમારી જીપી (GP) સર્જરિ સાથે વાત કરી શકો છો.

તમારા NHS લોગ ઈનની રચના કે ગોઠવણી કરી રહ્યા છો

1. હેલ્થ અને કેર વેબસાઇટ, અથવા NHS એપ્પમાં એકસેસ અથવા પ્રવેશ
2. તમારું ઈમેઇલ સરનામું દાખલ કરો
3. પાસવર્ડ બનાવો
4. તમને ઈમેઇલ કરેલ સિક્યૂરિટિ કોડ દાખલ કરો

## NHS એપ્પ માટે સંપૂર્ણ પ્રવેશ મેળવવો

NHS એપ્પ માટે સંપૂર્ણ પ્રવેશ મેળવવા માટે તમારે સાબિત કરવાની જરૂર રહેશે કે તમે કોણ છો. જયારે તમે એપ્પ અથવા NHS વેબસાઇટ માટે લોગ ઈન કરશો ત્યારે એક સંદેશ દેખાશે તમારી ઓળખ સાબિત કરવા માટે પૂછશે; જો તમને આ સંદેશ ન મળે તો, તમારી પાસે પહેલેથી સંપૂર્ણ પ્રવેશ છે.

તમારી ઓળખ સાબિત કરવા માટે તમને તમારા આઇડી (ID) નો ફોટો લેવા, તમારા મોબાઇલ ફોનનો ઉપયોગ કરીને તમારો ચહેરો રિકોર્ડ કરવા, અને જો તમે જાણતા હોય તો તમારો NHS નંબર દાખલ કરવા કહેવામાં આવશે. ફોટો આઇડી (ID) કાંતો તમારો પાસપોર્ટ, યૂકે (UK) ડ્રાઇવિંગ લાઈસન્સ (સંપૂર્ણ અથવા કામચલાઉ), યૂકે (UK) એપ્લિકેશન રજિસ્ટ્રેશન કાર્ડ, સિટિઝનકાર્ડ, EU ડ્રાઇવિંગ લાઈસન્સ (સંપૂર્ણ) અથવા તમારો EU રાષ્ટ્રીય ઓળખ કાર્ડ.

જો તમે તમારી ઓળખ સાબિત કરવા માટે અસમર્થ હો અથવા ફોટો ID ન હોય તો, ટેકા માટે તમારી જીપી (GP) સર્જરિ સાથે વાત કરો.